# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

**1)** ઉત્તરાખંડમાં આજથી ચારધામ યાત્રાનો આરંભ થશે, યાત્રાના ઉદ્ઘાટન સમારોહનું આકાશવાણી દ્વારા જીવંત પ્રસારણ કરાશે.

**2)** પશ્ચિમ બંગાળમાં મધ્ય કોલકાતાના ફલપટ્ટી મચ્છુઆ નજીક એક હોટલમાં લાગેલી આગમાં અંદાજે 14 લોકોના મોત

**3)** સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પહેલગામ આતંકવાદી હુમલાની ટીકા કરી.

**4)** સાઉદી અરેબિયાના ગૃહ મંત્રાલયે જણાવ્યું, હજ પરવાનગીના નિયમોનું ઉલ્લંઘન કરનારા પાકિસ્તાની નાગરિકોને કડક દંડ કરાશે.

**5)** ભારતના પંકજ અડવાણીએ CCI બિલિયર્ડ્સ ક્લાસિક ટુર્નામેન્ટમાં તથ્ય સચદેવને હરાવીને અભિયાનની શરૂઆત કરી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. CHAR DHAM YATRA

આજે અક્ષય તૃતીયા પવિત્ર દિવસથી ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો આરંભ થશે. આ પ્રસંગે ઉત્તરકાશી જિલ્લામાં ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના દરવાજા ખોલવામાં આવશે. પુજારી રાજેશ સેમવાલે જણાવ્યું કે, મુકબા ગામમાં છ મહિનાના શિયાળાના રોકાણ બાદ ગઈકાલે મા ગંગાની પાલખીને ગંગોત્રી ધામ મોકલવામાં આવી જે ગઈકાલે રાત્રે ભૈરવઘાટના ભૈરવ મંદિરમાં રોકાણ બાદ આજે ગંગોત્રી પહોંચશે, જ્યાં પરંપરાગત પૂજા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સવારે સાડા દશ વાગ્યે મંદિરના દરવાજા ખોલવામાં આવશે.

આ જ સમયે મા-યમુનાની પાલખી આજે સવારે તેના શિયાળુ રોકાણ ખારસાલીથી યમુનોત્રી ધામ માટે રવાના થશે, જ્યાં મંદિરના દરવાજા ભક્તો માટે સવારે સાડા અગિયાર વાગ્યે ખોલવામાં આવશે. કેદારનાથ ધામના દરવાજા શુક્રવારે અને બદ્રીનાથ ધામના દરવાજા રવિવારે ખુલશે.

# CHAR DHAM – AKASHVANI

ચારધામ યાત્રાના ઉદ્ઘાટન સમારોહનું આકાશવાણી દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવશે. આજે સવારે 10 થી 11 વાગ્યા સુધી ગંગોત્રી ધામના કપાટ ખોલવાનું અને બપોરે સાડા અગિયાર થી સાડા બાર વાગ્યા સુધી જીવંત પ્રસારણ કરવામાં આવશે. કેદારનાથ ધામના કપાટ ખોલવાનું પ્રસારણ બીજી મેના રોજ સવારે છ વાગ્યે અને બદ્રીનાથ ધામના કપાટ ખોલવાનું પ્રસારણ ચોથી મેના રોજ સવારે સાડા છ થી સાડા સાત વાગ્યા સુધી કરવામાં આવશે. આ જીવંત પ્રસારણ આકાશવાણીની ઈન્દ્રપ્રસ્થ, એફએમ ગોલ્ડ અને આરાધના

ચેનલો તેમજ ન્યૂઝ ઓન એઆઈઆર એપ પર ઉપલબ્ધ રહેશે. યાત્રા સંબંધિત અહેવાલ પણ આવતીકાલથી ચોથી મે સુધી દરરોજ સાંજે સાડા સાત થી પોણા આઠ વાગ્યા સુધી પ્રસારિત કરવામાં આવશે.

# KOLKATA - HOTEL FIRE

પશ્ચિમ બંગાળમાં મધ્ય કોલકાતાના ફલપટ્ટી મચ્છુઆ નજીક ગઈકાલે રાત્રે એક હોટલમાં લાગેલી આગમાં લગભગ 14 લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું હતું કે 14 મૃતદેહ મળી આવ્યા છે અને ઘણા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આગની ઘટના ગઈકાલે રાત્રે લગભગ સવા આઠ વાગ્યે બની હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાની તપાસ માટે એક ખાસ ટીમ પણ બનાવવામાં આવી છે.

અગાઉ કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળ ભાજપા પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે રાજ્ય વહીવટીતંત્રને તાત્કાલિક અસરગ્રસ્ત લોકોને બચાવવા અનુરોધ કર્યો હતો. તેમણે આવી દુ:ખદ ઘટનાઓને રોકવા માટે અગ્નિ સલામતીના પગલાંનું કડક નિરીક્ષણ કરવાની પણ હાકલ કરી હતી.

# JAISHANKAR - UN SG

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પહેલગામ આતંકવાદી હુમલાની ભારે ટીકા કરી છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે ફોન પર વાતચીતમાં વિદેશ મંત્રીએ શ્રી ગુટેરેસના તેમના નિવેદનની પ્રશંસા કરી. વાતચીત દરમિયાન શ્રી ગુટેરેસે પહેલગામ હુમલાના મુદ્દા પર જવાબદારીના મહત્વ પર સંમતિ વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે

ભારત પહેલગામમાં થયેલા હુમલાના ગુનેગારો, કાવતરાખોરો અને તેમના સમર્થકોને કડક સજા કરવા પ્રતિબદ્ધ છે.

# GAVAI - CJI APPOINTMENT

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુનરામ મેઘવાલે માહિતી આપી છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જસ્ટિસ ગવઈને દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા છે. તેમની નિમણૂક 14 મેથી અમલમાં આવશે. જસ્ટિસ ગવઈ દેશના 52મા મુખ્ય ન્યાયાધીશ બનશે. તેઓ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીવ ખન્નાનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ આવતા મહિનાની 13મી તારીખે પૂરો થઈ રહ્યો છે.

# JAISHANKAR-UAE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સંયુક્ત આરબ અમીરાતના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન સાથેની તેમની વાતચીતની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે તેઓએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓનો અસરકારક રીતે સામનો કરવાની જરૂરિયાત પર ચર્ચા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## SAUDI ARABIA – PAKISTAN

**સાઉદી અરેબિયાના ગૃહ મંત્રાલયે કહ્યું છે કે હજ પરવાનગીના નિયમોનું ઉલ્લંઘન કરનારા પાકિસ્તાની નાગરિકો પર કડક દંડ ફટકારવામાં આવશે. સાઉદી મંત્રાલયની તાજેતરની ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે આ દંડ 10 જૂન 2025 સુધી અમલમાં રહેશે. મંત્રાલયે કહ્યું કે માન્ય પરવાનગી વગર હજ પર આવવાનો પ્રયાસ કરનારા દરેક પાકિસ્તાનીને વીસ હજાર સાઉદી રિયાલનો દંડ કરવામાં આવશે. આ દંડ મક્કામાં પ્રવેશતા અને રહેતા તમામ પ્રકારના વિઝા ધારકો પર લાગુ થશે.**

**આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે પાકિસ્તાને ગઈકાલે ઇસ્લામાબાદથી 442 હજ યાત્રીઓના પ્રથમ બેચ સાથે સત્તાવાર રીતે હજ ફ્લાઇટ ઓપરેશન શરૂ કર્યું હતું. દર વર્ષે પરમિટ વિના હજ કરનારા નાગરિકો, ગેરકાયદેસર યાત્રાળુઓની વધતી સંખ્યાને કારણે સાઉદી અરેબિયાએ**

પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. સાઉદી અરેબિયાએ છેલ્લા ત્રણ વર્ષમાં ચાર હજાર સાતસો પાકિસ્તાનીઓને દેશનિકાલ કર્યા છે. સાઉદી અરેબિયાએ આ પરત પાકિસ્તાનીઓના નામ અને પાસપોર્ટને નો-ફ્લાયર સૂચિમાં સમાવવા માટે કહ્યું છે.

# BUDDHA RELIC-EXPOSITION

સંસ્કૃતિ મંત્રાલય દ્વારા સારનાથમાં રાખવામાં આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું પ્રથમવાર પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શન વિયેતનામમાં સંયુક્ત રાષ્ટ્ર દિવસ વેસાક 2025 ની ભવ્ય ઉજવણી પ્રસંગે યોજાશે. આ પ્રદર્શન આંતરરાષ્ટ્રીય બૌદ્ધ ફેડરેશનના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યું છે. ભગવાન બુદ્ધના અવશેષોને આજે સારનાથના મૂળગંધા કુટી વિહારથી દિલ્હી લાવવામાં આવશે અને પ્રાર્થના અને ધ્યાન માટે રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવશે.

આવતીકાલે તે અવશેષોને વરિષ્ઠ બૌદ્ધ ભિક્ષુઓના સંરક્ષણ હેઠળ ભારતીય વાયુસેનાના ખાસ વિમાનમાં હો ચી મિન્હ સિટી લઈ જવામાં આવશે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ ફેડરેશનના મહાસચિવ વેન શાર્તસે ખેન્સુર રિનપોચે જંગચુપ ચોડેનના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પ્રદર્શનમાં ભાગ લેશે. પવિત્ર અવશેષોને ત્યાં ઔપચારિક રીતે આદર સાથે રાજ્યાભિષેક કરવામાં આવશે અને બીજી થી આઠમી મે દરમિયાન પૂજા અર્ચના કરવામાં આવશે.

# IMD – WEATHER

હવામાન વિભાગે આજે ઓડિશા, આસામ અને મેઘાલયમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા, ઉત્તરીય આંતરિક કર્ણાટક, વિદર્ભ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં આગામી બે-ત્રણ દિવસ દરમ્યાન વરસાદ સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે પશ્ચિમ અને પૂર્વીય રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેટલાક સ્થળોએ ગરમીનું મોજું ફરી વળશે. વિભાગે આજે ઉત્તરપ્રદેશમાં ધૂળની આંધીની પણ આગાહી કરી છે.

# PANKAJ ADVANI-BILLIARDS

ભારતના ટોચના બિલિયર્ડ્સ ખેલાડી પંકજ અડવાણીએ ગઈકાલે મુંબઈમાં CCI બિલિયર્ડ્સ ક્લાસિક ટુર્નામેન્ટમાં તથ્ય સચદેવને 860-170થી હરાવીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. શ્રી અડવાણીએ પોતાના પહેલી ગ્રુપ મેચમાં પ્રભુત્વ મેળવવા ત્રણસોથી વધુ બ્રેક લીધા હતા. અન્ય મેચોમાં ઋષભ ઠક્કરે હિતેશ કોટવાણીને 495-313થી અને રોહન જંબુસરિયાએ અનુરાગ બાગરીને 611-294થી હરાવ્યા હતા.

# IPL

IPL માં ચેન્નાઈ સુપર કિંગ્સ આજે સાંજે પંજાબ કિંગ્સ સામે ટકરાશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે.

દરમ્યાન કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સ સામે 14 રનથી વિજય મેળવ્યો. ગઈકાલે રાત્રે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે 205 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 190 રન બનાવ્યા. ફાફ ડુ પ્લેસિસે 62 રન અને કેપ્ટન અક્ષર પટેલે 43 રન બનાવ્યા.

કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી સુનીલ નારાયણે ત્રણ વિકેટ અને વરુણ ચક્રવર્તીએ બે વિકેટ લીધી. અનુકુલ રોય, વૈભવ અરોરા અને આન્દ્રે રસેલે એક-એક વિકેટ લીધી. સુનીલ નારાયણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. પ્રથમ બેટિંગ કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 204 રન બનાવ્યા. કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી અંગક્રિશ રઘુવંશીએ 44 રન બનાવ્યા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

1) આજના તમામ અખબારોમાં પહલગામ આતંકવાદી હુમલા અંગે PM નિવાસસ્થાને ત્રણેય સેનાના વડાની પ્રધાનમંત્રી સાથે બેઠક, કેનેડા ચૂંટણીમાં ખલિસ્તાનના સમર્થક જગમીતની કારમી હાર, લિબરલ પાર્ટીનો ઐતિહાસિક વિજય, અમદાવાદના ચંડોળામાં ગેરકાયદે કબજો કરાયેલી જમીન સામે કરાયેલી કાર્યવાહી, કાશ્મીરમાં આતંકવાદી હુમલાને લીધે 87માંથી 48 પર્યટન સ્થળો બંધ કરાયા, વગેરે જેવા સમાચારો મુખ્ય પાને પ્રકાશિત થયા છે.

2) ગુજરાત સમાચારની હેડલાઇન છે, તંત્ર કુંભકર્ણ નિદ્રામાંથી એકાએક જાગ્યું: 1 લાખ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાઇ - અમદાવાદના ચંડોળામાં 'મિનિ બાંગ્લાદેશ'નો સફાયો

3) દિવ્ય ભાસ્કર લખે છે, PM મોદીએ સેનાને છૂટ આપી... સ્પષ્ટ કહ્યું- સમય, સ્થળ અને પદ્ધતિ તમે નક્કી કરો

4) નવગુજરાત સમયે પ્રથમ પાને લખ્યું છે, કેનેડામાં લિબરલ પાર્ટીએ ફરી સરકાર બનાવી, માર્ક કાર્ની વડાપ્રધાન રહેશે.

5) સંદેશની હેડલાઇન છેઃ ક્યારે, શું પગલાં લેવા તે માટે આર્મી સ્વતંત્ર: મોદી, પહાલગામ હુમલા બાદ 48 પર્યટન સ્થળ બંધ

6) રાજસ્થાન પત્રિકાનું મુખ્ય શીર્ષક છે, જમ્મુ કાશ્મીર કે આધે સે જ્યાદા પર્યટન સ્થલો કે પ્રવેશ દ્વાર બંદ

7) આ ઉપરાંત, ન્યાયાધીશ બી. આર. ગવઈ દેશના નવા ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત, 14મી મે-એ શપથગ્રહણ, અમદાવાદમાં સૌથી ગરમ દિવસ નોંધાયો ગરમીનો પારો 44.8 ડિગ્રીને પાર જેવા સમાચારો મુખ્ય પાને પ્રકાશિત થયા છેઃ